કેસ રજુ તારીખ: ૦૨/૦૬/૨૦૧૭
કેસ દાખલ તારીખ:૦૨/૦૬/૨૦૧૭
કેસ ફેંસલ તારીખ: ૦૭/૦૭/૨૦૨૬

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

**મે.ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, અમદાવાદ શહેર.**

---

**ક્રિ.કેસ નં.૩૮૪૮૪/૨૦૧૭**
**આંક– ૧૭**

***ફરીયાદી:–*** ***સરકારશ્રી***

***વિરૂધ્ધ***

***આરોપીઓ :–***

(૧) ***કમલસિંહ રમેશસિંહ રાજપુત***
*રહે. ૧૦૧ છીપા પોળ , રિલીફ રોડ, કાલુપુર, અમદાવાદ.*

(૨) ***સુરેશભાઇ દજારામ પુરોહિત***
*રહે. ૬ સાર્થક બંગ્લોઝ શાંતીનાથ પાર્ટી પ્લોટ પાસે, નવા નરોડા, નિકોલ, અમદાવાદ.*

(૩) ***ભભુતારામ કુચારમજી ઘાંચી***
*રહે. ૧૭૯૦, ખારા કુવાની પોળ, ઢાળની પોળ, ખાડીયા, અમદાવાદ.*

(૪) ***દિનેશ નવાજી મોદી***
*રહે. કે/૩૦૧ શ્રીનંદ નગર, વેજલપુર, અમદાવાદ.*

(૫) ***નિલેશભાઇ ચન્નારામ દેવાસી***
*રહે.૩૦૧ કોઢારી પોળ, ખાડીયા ચાર રસ્તા, અમદાવાદ.*

**ગુન્હો :-** **ધી ઈ.પી.કો.કલમ-૪૨૦ ધી કોપી રાઈટ એકટ સને ૧૯૫૭ ની કલમ- ૬૩, ૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ-૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ મુજબ.**

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી પક્ષે વિ.વકીલશ્રી આર.વી.સોલંકી**

---

**-: ચુ કા દો :-**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા.૧૧/૦૩/૨૦૧૭ ના કલાક ૧૫/૩૦ વાગ્યા દરમ્યાન ડી બ્લોક ત્રીજો માળ ગીતા મંદીર મોબાઈલ માર્કેટ ન્યુ એસ.ટી. બસ સ્ટેન્ડ અમદાવાદ ખાતે આરોપી નં.૧ ની આસોપાલવ મોબાઈલ એસેસરીજ દુ.નં. ૩૦૨ માંથી એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝ જેવી કે MIXR હેડ ફોન નંગ-૩ SOLO2 હેડ ફોન નંગ-૧૧ STUDIO હેડ ફોન નંગ- ૩, PILL સ્પીકર્સ નંગ-૫, બેટરી કેસ નંગ-૨૩ બેટરી નંગ-૨૫, USB કેબલ નંગ-૧૫, સ્માર્ટ કેસ નંગ-૧૦૨, USB નંગ-૧૪૬, હેન્ડસફ્રી નંગ-૭૦, ચાર્જીંગ કેબલ નંગ-૨૩૦ મળી તમામ ઉપરોકત મુદ્ધામાલ કુલ્લે રૂા.૭,૧૨,૫૦૦/- મુદ્ધામાલ મળી આવેલ, આરોપી નં.ર ની ક્રિષ્ણા મોબાઈલ એસેસરીઝ દુ.નં.૩૨૫, ૩૨૬ માંથી એપલ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝ જેવી કે ફલીપ કવર નંગ-૩૬ કિં.રૂા.૧૮૦૦૦/-, બેક કવર નંગ-૭૭૦ કિં.રૂા.૭,૭૦,૦૦૦/-, USB નંગ-૭૦ કિં.રૂા.૩૫,૦૦૦/- હેન્ડસફ્રી નંગ-૫ કિં.રૂા.૫૦૦૦/- પાવર બેક કેસ નંગ-૬ કિં.રૂા.૩૦૦૦/- મળી તમામ ઉપરોકત મુદ્ધામાલ કુલ્લે રૂા.૮,૩૧,૦૦૦/- મુદ્ધામાલ મળી આવેલ, આરોપી નં.૩ ની અર્બુદા મોબાઈલ એસેસરીઝ દુ.નં.૩૮૦ માંથી એપલ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝ જેવી કે ફલીપ કવર નંગ-૩૬ કિં.રૂા.૧૮૦૦૦/-, બેક કવર નંગ-૭૭૦ કિં.રૂા.૭,૭૦,૦૦૦/-, USB નંગ-૭૦ કિં.રૂા.૩૫,૦૦૦/-

હેન્ડસફ્રી નંગ–૫ કિં.રૂા.૫૦૦૦/– પાવર બેક કેસ નંગ–૬ કિં.રૂા.૩૦૦૦/– મળી તમામ ઉપરોકત મુદ્દામાલ કુલ્લે રૂા.૮,૩૧,૦૦૦/– મુદ્દામાલ મળી આવેલ , આરોપી નં.૪ શ્રી અર્બુદા મોબાઈલ એસેસરીઝ દુ.નં.૩૮૬, ૩૮૭ માંથી એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝ જેવી કે એપ્પલ બેક કવર નંગ–૮૦ કિં.રૂા.૪૦૦૦૦/–, એપ્પલ ચાર્જીગ કેબલ નંગ–૩૫ કિં.રૂા.૧૭૫૦૦/– એપલ બેટરી નંગ–૧૨ કિં.રૂા.૨૪,૦૦૦/–, એપ્પલ સ્પીકર નંગ–૭ કિં.રૂા.૧૪૦૦૦/– બિટસ કંપનીના હેડ ફોન નંગ–૮ કિં.રૂા.૨૦૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા ચાર્જીગ કેબલ કિં.રૂા.૩૭૫૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા હેન્ડસફ્રી નંગ–૫૧ કિં.રૂા.૫૧૦૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા ટફન ગ્લાસ નંગ–૧૪૦ કિં.રૂા.૧૪,૦૦,૦૦૦/– બિટસ કંપનીના સિંબોલવાળા હેડ ફોન નંગ–૨૦૦ કિં.રૂા.૪૦૦૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા બેક કવર નંગ–૧૪૦ કિં.રૂા.૭૦૦૦૦/– બિટસ કંપનીના સિંબોલવાળા USE નંગ–૧૯ કિં.રૂા.૧૯૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા OTG નંગ–૧૩ કિં.રૂા.૬૫૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા DOG નંગ–૧૮ કિં.રૂા.૧૮૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા ચાર્જર નંગ–૧૮ કિં.રૂા.૧૮૦૦૦/– મળી તમામ ઉપરોકત મુદ્દામાલ કુલ્લે રૂા.૨૧,૩૫,૫૦૦/– મુદ્દામાલ મળી આવેલ તથા આરોપી નં. ૫ ની વંકલ મોબાઈલ એસેસરીઝ દુ.નં.૩૨૩,૩૨૪ માંથી એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝ જેવી કે બીટસ કંપનીના સિંબોલવાળા MIXR હેડ ફોન નં.૩ કિં.રૂા.૬૦૦૦/– બિટસ કંપનીના સિંબોલવાળા SOLO2 હેડ ફોન નંગ–૧ કિં.રૂા.૧૫૦૦/– બીટસ કંપનીના સિંબોલવાળા બ્લુટુથ સ્પીકર નંગ–૬ કિં.રૂા.૧૨૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા UB કેબલ નંગ–૮૧કિં.રૂા.૪૦૫૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા એડેપ્ટર નંગ–૫૦ કિં.રૂા. ૨૫૦૦૦/– એપલ કંપનીના સિંબોલવાળા ચાર્જર કેબલ નંગ–૨૦ કિં.રૂા.૧૦,૦૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા કાર ચાર્જર નંગ–૧૦ કિં.રૂા.૧૦૦૦૦/– એપલ કંપનીના સિંબોલવાળા સ્માર્ટ કેસ નંગ–૩૦ કિં.રૂા.૧,૩૦,૦૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા બેટરી નંગ–૨૨ કિં.રૂા.૪૪૦૦૦/–, એપ્પલ

કંપનીના સિંબોલવાળા રીંગ નંગ–૩૫ કિં.રૂા.૭૦૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા બેક ગ્લાસ નંગ–૩૫ કિં.રૂા.૧૭,૫૦૦/– એપ્પલ કંપનીના સિંબોલવાળા કવર નંગ–૫૦ કિં.રૂા.૨૫૦૦૦/–, એપ્પલ કંપનીના સિંબોલવાળા સેલ્ફી કેમેરા લેન્સ નંગ–૭ કિં.રૂા.૭૦૦૦/– મળી તમામ ઉપરોકત મુદ્દામાલ કુલ્લે રૂા.૩,૩૫,૫૦૦/– મુદ્દામાલ મળી કુલ્લે રૂા.૪૪,૭૬,૦૦૦/– નો મુદ્દામાલ સાથે ઉપરોકત તમામ આરોપીઓ ફરીયાદીશ્રીની અલગ અલગ કંપનીના કોપીરાઇટ તથા ટ્રેડમાર્કના હકકોના ભંગ કરતા એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝનો ગેરકાયદેસર રીતે વેપાર કરતા મળી આવી પકડાઇ જઇ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરીયાદીશ્રીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક.અમલદારે ફર્સ્ટ ગુ.ર.નં.૩૦/૨૦૧૭ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં, ધી ઇ.પી.કો.કલમ–૪૨૦ ધી કોપી રાઇટ એકટ સને ૧૯૫૭ ની કલમ– ૬૩, ૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ–૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ, આંક–૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક–૪ થી પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| ૧ | ફરીયાદી દર્શકભાઇ નીતીનભાઇ પારેખનાઓની સોગંદ ઉપર જુબાની | ૫ |
| ૨ | ઓથોરીટી લેટર | ૭ |
| ૩ | યુનાઈટેડ ઓવરસીઝ ટ્રેડ માર્ક કંપનીનો ઓથો.લેટર | ૮ |
| ૪ | એપલ કંપની ધ્વારા યુનાઇટેડ ઓવરસીઝ ટ્રેડ માર્ક કંપનીને આપેલ પાવર ઓફ એટર્નીની ઝેરોક્ષ નકલ | માર્ક–એ |
| ૫ | યુનાઈટેડ ઓવરસીઝ ટ્રેડ માર્ક કંપની ધ્વારા કરેલ ઈ.મેઇલની ઝેરોક્ષ નકલ | માર્ક–બી |
| ૬ | બીટસ કંપની ધ્વારા યુનાઇટેડ ઓવરસીઝ ટ્રેડ માર્ક કંપનીને કોપીરાઇટ અંગે જે ઓથો. આપવામાં આવેલ તેની ઝેરોક્ષ નકલ | માર્ક–સી |
| ૭ | એપલ તથા બીટસ કંપનીના ટ્રેડમાર્ક સર્ટી. આપવામાં આવેલ તેની ઝેરોક્ષ પો.સ્ટે. માં રજુ કરેલ | માર્ક–ડી,ઇ |
| ૮ | ફરીયાદ | ૯ |
| ૯ | પંચ મનિષ ગણપતભાઇ પટેલનાઓનો સાહેદ સમન્સ વગર બજે પરત | ૧૦ |
| ૧૦ | સાહેદ ધર્મેશભાઇ હિન્દુભાઇ ભરવાડનાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૧૧ | સાહેદ નરેન્દ્રસિંહ મહોબતસિંહનાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૧૨ | સાહેદ ભીખાભાઇ મગનભાઇ પ્રજાપતિનાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |
| ૧૩ | ત.ક.અ.શ્રી ભાઈલાલભાઇ લાખાભાઇ રોહિતનાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૬ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં વિશેષમાં જણાવેલ છે કે , અમારી વિરૂધ્ધમાં ખોટો કેસ દાખલ કરી અમોને સદર કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અમો તદન નિર્દોષ હોઈ અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર

કરેલ હોય આરોપીઓને કાયદમાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપીઓ તરફેના વિ.વ.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: <u>મુદ્દા</u> :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રીની અલગ અલગ કંપનીના કોપીરાઇટ તથા ટ્રેડમાર્કના હકકોના ભંગ કરતા એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ એસેસરીઝનો ગેરકાયદેસર રીતે વેપાર કરતા મળી આવી પકડાઇ જઇ, ધી ઇ.પી.કો.કલમ-૪૨૦ ધી કોપી રાઇટ એકટ સને ૧૯૫૭ ની કલમ- ૬૩, ૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ-૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ : નકારમાં.

મુદા નં.૨ : આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૫ થી ફરીયાદી દર્શકભાઇ નીતીનભાઇ પારેખનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૭ માં માર્ચ માસમાં તેઓ પારેખ ઇન્ટલેકચ્યુઅલ સર્વિસીસમાં પ્રોપરાઇટર તરીકે ફરજ બજાવતા હતા, તેઓની કંપનીનું મુખ્ય કામ જુદી જુદી કંપનીઓના ડુપ્લીકેટ માલસામાન કે વસ્તુઓ અંગે ખરાઇ કરી તેની સામે કાયદેસર કાર્યવાહી કરવાનું કામ હોય છે, તેઓની કંપનીની નોંધણી ગુમાસ્તાધારા હેઠળ અમદાવાદ મુકામે થયેલ છે, તેઓને બીજી કોઇ કંપની તરફથી કામ આપવામાં આવે ત્યારે જે તે કંપની તરફથી ઓથોરીટી લેટર તથા પાવર ઓફ એટર્ની આપવામાં આવતી હોય છે. માર્ચ સને–૨૦૧૭ માં શ્રીજી ટાવર હીમાલીયા મોલની સામે ડ્રાઇવ ઇન સીનેમા ખાતે તેઓની ઓફિસ આવેલ હતી, તેઓની શૈક્ષણિક લાયકાત બી.કોમ. સુધીની છે. તા.૧૧/૦૩/૧૭ ના રોજ તેઓ તથા સી.આઇ.ડી.ક્રાઇમ તથા પંચોના માણસો સાથે એસ.ટી.સ્ટેન્ડમાં જયાં મોબાઇલ માર્કેટ આવેલ છે, જે માર્કેટનું નામ હબટાઉન છે, તેના ત્રીજા માળે અલગ અલગ પાંચ દુકાનોમાં રેડ કરવા ગયેલ આ સમયે પોલીસના સી.આઇ.ડી.ક્રાઇમના ચાર થી પાંચ માણસો તથા એસ.આર.પી. ના આશરે પાંચેક માણસો તેઓની સાથે હતા. જયાં તેઓએ પાંચ દુકાનોમાં રેડ કરેલ જેમાં ૧) અર્બુદા મોબાઇલ ૨) શ્રી અર્બુદા મોબાઇલ એસેસરીજ તથા ૩) આસોપાલવ મોબાઇલ એસે.૪) ક્રિશ્ના મોબાઇલ એસેસરીજ તથા ૫) મા વંકલ મોબાઇલ એસેસરીઝ એમ દુકાનોમાં રેડ કરેલ, આ તમામ દુકાનોમાંથી એપલ કંપનીના ફોનની એસેસરીઝ ડુપ્લીકેટ જેમાં મોબાઇલના ચાર્જરના ડોક તથા કેબલ તથા ટફન ગ્લાસ તથા હેડ ફોન તથા મોબાઇલ કવર વિગેરે અલગ અલગ વસ્તુ તથા બીટસ કંપનીના હેડ ફોન ડુપ્લીકેટ મળી આવેલ. આ પાંચેય દુકાનોમાં અલગ અલગ માણસો દુકાનના માલીક હતા જે મળી આવેલ જે આજરોજ અદાલતમાં હાજર છે તે જ ઇસમો દુકાનમાં હાજર મળી આવેલ, જેને સાહેદ જોયે ઓળખી બતાવેલ છે. જયાં પોલીસે કરેલ કાર્યવાહી સંબંધે પંચનામું કરેલ , તેમજ આ પાંચેય આરોપીઓની સામે કાર્યવાહી કરી પોલીસ સ્ટેશનમાં સોંપી દીધેલ. આ એપલ કંપની તથા બીટસ કંપની તરફથી

તેઓને ઓથોરાઇઝ કરવા સંબંધે ઓથોરીટી લેટર, પાવર ઓફ એટર્ની તથા પેટન્ટ ઇન ટ્રેડ માર્કના કોપીરાઇટના કાગળો આપવામાં આવેલ, આ તમામ કાગળો અસલ તેમને જે તે સમયે સી.આઇ.ડી. ક્રાઇમના અધિકારી સમક્ષ રજુ કરેલ છે. તેઓને જો ફરીથી કોઇ રેડ કરવાનો પ્રસંગ ઉભો થાય તો ફરીથી આ જે તે કંપની પાસેથી અસલ કાગળો મંગાવીએ છીએ. જે તે સમયે સી.આઇ.ડી.ક્રાઇમના અધિકારીને સાથે રાખવા માટે તેઓએ લેખિતમાં અરજી આપેલ જેની અસલ જે તે ઓફિસમાં હશે. તેઓ આજરોજ તેમની કંપની પારેખ ઇન્ટલ એકચ્યુચલ સર્વિસીસનો અસલ ઓથોરીટી લેટર જોઇને કહે છે કે તેમાં તેમની સહી છે , આ લેટર તેમના ધ્વારા કંપનીના જે માણસોને રેડ કરવા માટેની સતતા આપવામાં આવે છે તે અંગેનો છે જે આજરોજ રજુ કરે છે, સદર દસ્તાવેજ અસલ રજુ કરેલ છે અને આ દસ્તાવેજ તૈયાર કરનાર વ્યકિત ધ્વારા તેની વિગત નામદાર કોર્ટ રૂબરૂ જણાવેલ છે, આરોપીઓ તરફે વિ.વકીલશ્રીઓએ સદર દસ્તાવેજને આંક આપવા સામે વાંધો અને જણાવેલ છે કે ચાર્જશીટ સમયે આ દસ્તાવેજ રજુ થયેલ નથી. જેથી સદર ઓથો. લેટર રજુ આંક–૭ . આજરોજ તેઓ યુનાઇટેડ ટ્રેડમાર્ક કંપનીનો ઓથો.લેટર જોઇને કહે છે કે આ લેટર ધ્વારા આ કંપની ધ્વારા તેમની કંપનીને એપલ અને બીટસ કંપનીના કોપીરાઇટ અંગેની સત્તા આપવામાં આવેલી, જે અસલ લેટરમાં મીના બંસલની સહી છે જે ઓળખે છે. જે પત્ર રજુ કરવા સામે બચાવ પક્ષને વાંધો હોઇ તેમના વાંધા સાથે આંક–૮ આપવામાં આવે છે. આજરોજ તેઓ અમેરીકા ખાતેની એપલ કંપની ધ્વારા યુનાઇટેડ ઓવરસીઝ ટ્રેડમાર્ક કંપનીને પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ જેની આ ઝેરોક્ષ છે જે ઝેરોક્ષ હોઇ રજુ માર્ક–એ. યુનાઇટેડ ઓવરસીઝ ટ્રેડમાર્ક કંપની ધ્વારા તેમને તા.૭/૩/૧૭ ના રોજ એક ઇ.મેઇલ કરવામાં આવેલ જે ઇ.મેઇલ તેમને ઓથો.લેટર તથા રેડ કરવા માટે સુચના આપવામાં આવેલ તે ઇ.મેઇલની ઝેરોક્ષ છે જે ઝેરોક્ષને રજુ માર્ક–બી. બીટસ કંપની ધ્વારા યુનાઇટેડ ઓવરસીઝ ટ્રેડમાર્ક કંપનીને કોપીરાઇટ અંગે જે ઓથો. આપવામાં આવેલ જેની ઝેરોક્ષ જોઇને કહે છે કે આ તે જ ઝેરોક્ષ છે જેને રજુ માર્ક–સી. એપલ તથા બીટસ કંપનીના ટ્રેડમાર્ક સર્ટી. આપવામાં આવેલ જે આ તે જ છે જેની ઝેરોક્ષ તેમને પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ જે રજુ માર્ક–ડી તથા માર્ક–ઇ. જે

તે સમયે તેમને સી.આઇ.ડી.ક્રાઇમ અધિકારીને પત્ર લખેલ આ સિવાય પોલીસ સ્ટેશનમાં બીજા કોઇ દસ્તાવેજો રજુ કરેલ નહીં, રેડ અંગેની જે કાર્યવાહી થયેલી તે બાબતે તેમને પોલીસ રૂબરૂ ફરીયાદ કરેલી, જે ફરીયાદ જોઇને કહે છે કે આ તે જ ફરીયાદ છે જેમાં તેમની સહી છે જે ફરીયાદ આંક–૯.

બચાવપક્ષે સદરહુ ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે , આંક–૭ વાળા દસ્તાવેજમાં કોઇ ઓળખ કે સીકકો મારેલ નથી. આંક–૭ વાળા પત્રમાં કોઇ જાવક નંબર લખેલ નથી. આ કાગળ કોપ્પ્યુટરમાં તૈયાર કરી શકે. એપલ કંપનીનો કોઇ પ્રમાણપત્ર રજુ કરેલ નથી. એપલ કંપનીના કોઇ ભાવપત્રકો તેમને રજુ કરેલ નથી. એપલ કંપનીનો ભાવપત્રક આધાર પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદમાં તેમને જે ચીજવસ્તુઓના ભાવ બતાવેલ છે તેના કોઇ આધાર રજુ કરેલ નથી. તેમને જે દુકાનોમાં રેડ કરેલી તેના માલીકો હાજર હતા કે કેમ તેની તપાસ કરેલી નહીં. ટ્રેડમાર્ક અંગે તેમને કોઇપણ પ્રકારની ડીગ્રી મેળવેલ નથી. એપલ કંપનીના મોબાઇલો અસલ કોઇપણ દુકાનદાર વેચી શકે છે. એપલ કંપનીના એસેસરીઝ વેચવા કે લેવા કે રાખવા માટે કોઇ પરવાનો લેવાની આવશ્યક હોય. તેમને પોલીસ સમક્ષ એપલ કે બીટસ કંપનીના ફરીયાદમાં જણાવેલ એસેસરીઝની સરખામણી કરવા માટે કંપનીની અસલ એસેસરીઝ રજુ કરેલ નહીં. રેડ પાડતા સમયે તેઓ ફોટો કે લેપટોપ લઇ ગયેલ નહીં. તેમની હાજરીમાં કોઇ પંચનામું થયેલ નહી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૧ થી ધર્મેશભાઇ હિન્દુભાઇ ભરવાડ તથા આંક– ૧૨ થી સાહેદ નરેન્દ્રસિંહ મહોબતસિંહનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૭ માં તેઓ કાગડાપીઠ પો.સ્ટે. ડી.સ્ટાફ સર્વેલન્સ સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા તે સમયે પારેખ ઇન્ટેકચ્યુઅલ સર્વિસીસ નામની એજન્સીના પ્રો.દર્શકભાઇ પારેખ તથા સી.આઇ.ડી.ક્રાઇમના સ્ટાફ તથા પો.સ્ટે.ના માણસો સાથે ગીતામંદિર એસ.ટી.સ્ટેન્ડમાં એપલ કંપનીની

સીમ્બોલવાળી એસેસરીઝ જેવી કે હેડ ફોન બેટરી, ચાર્જર તથા કેબલ તથા સ્પીકર વિગેરે વસ્તુના ટ્રેડમાર્ક તથા કોપીરાઇટનો ભંગ થતો હોઇ ઉપરોકત અધિકારી સાથે રેડમાં ગયેલ, જયાં પ્રથમ આસોપાલવ મોબાઇલ એસસરી દુ.નં.૩૦૨, ૩૦૩ માં કમલસિંહ રાજપુત મળી આવેલ, ત્યારબાદ દુ.નં.૩૨૫ તથા ૩૨૬ માં ગયેલ જયાં સુરેશભાઇ પુરોહીત મળી આવેલ, ત્યારબાદ આરોપીઓના મોબાઇલ દુકાન નં.૩૮૦ માં ગયેલ જયાં ભભુતારામ ઘાંચી મળી આવેલ, ત્યારબાદ અર્બુદા દુ.નં.૩૮૬ તથા ૩૮૭ માં ગયેલ જયાં દિનેશ નવાજી મોદી મળી આવેલ, છેલ્લે માવલંકર મોબાઇલની દુકાનમાં ગયેલ જયાં નિલેશભાઇ દેવાશી મળી આવેલ, આ તમામ દુકાનોમાંથી કુલ ૪૪ લાખ છોત્તેર હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કરેલ અને પંચનામાની વિગતે સદર મુદ્દામાલનું પંચનામું સી.આઇ.ડી.ક્રાઇમના પી.આઇ.શ્રી મીશ્રા સાહેબે કરેલ, આ અલગ અલગ દુકાનમાંથી મોબાઇલ એસેસરી જુદા જુદા પ્રકારની અને કિંમતની કબજે લેવામાં આવેલ , આ કામગીરી તેઓના રૂબરૂ થયેલ.

બચાવપક્ષે સદરહુ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે , બનાવવાળી જગ્યાએ અન્ય દુકાનો પણ આવેલ છે. બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા હોઇ માણસોની સતત અવરજવર રહે છે . દુકાનોની માલીકોના કોઇ આધાર તેમની રૂબરૂ કબજે લેવાયેલ નહીં. કંપનીએ ફરીયાદી દર્શકભાઇને કોઇ ઓથોરીટી આપેલ કે કેમ તે તેમને ખબર નથી. એપલ કંપની એસેસરી બનાવે છે કે કેમ તેની તેમને ખબર નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૩ થી સાહેદ ભીખાભાઇ મગનભાઇ પ્રજાપતિનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૭ માં તેઓ કાગડાપીઠ પો.સ્ટે. સી.આઇ.ડી.માં ફરજ બજાવતા હતા તે સમયે મળેલ બાતમીના આધારે પારેખ ઇન્ટેકચ્યુઅલ સર્વિસીસ નામની એજન્સીના પ્રો.દશરથભાઇ પારેખ તથા સ્ટાફના માણસો કાગડાપીઠ પોલીસના માણસો સાથે ગીતામંદિર એસ.ટી.સ્ટેન્ડમાં એપલ કંપનીની એસેસરીવાળી હેડફોન બેટરી ચાર્જર તથા

કેબલ અને મોબાઇલ એસેસરીના ટ્રેડમાર્ક તથા કોપીરાઇટનો ભંગ થતો હોઇ રેડમાં ગયેલ, જયાં આસોપાલવ મોબાઇલ એસસરી દુ.નં.૩૦૨ તથા કમલસિંહ રાજપુત મળી આવેલ, બાદ દુ.નં.૩૨૫ તથા ૩૨૬ માં ગયેલ જયાં સુરેશભાઇ મળી આવેલ, બાદમાં દુકાન નં.૩૮૦ માં ગયેલ જયાં ભભુતાનંદ મળી આવેલ, બાદ દુ.નં.૩૮૬ તથા ૩૮૭ અર્બુદા એસેસરીઝમાં દિનેશ નવાજી મળી આવેલ, છેલ્લે માવલંકર મોબાઇલ દુકાનમાં ગયેલ જયાં નિલેશભાઇ મળી આવેલ, આ તમામ દુકાનોમાંથી કુલ ૪૪ લાખ છોત્તેર હજારનો મુદ્દામાલ તેઓના અધિકારીએ પંચનામાની વિગતે કબજે કરેલ તેમજ પી.આઇ.શ્રી મીશ્રા સાહેબે સદર પંચનામું કરેલ, જે પંચનામું તેમને બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે , પોલીસે જવાબ લીધેલ. આરોપીઓને જોઇને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે , બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણી દુકાનો આવેલ હોઇ સ્વતંત્ર સાહેદ મળી રહે તેમ છે તેમજ લોકોની અવરજવર રહે છે. બનાવવાળી જગ્યાની માલીકીના આધારો તેમને લીધેલ નથી. તેઓએ કંપનીમાં દશરથભાઇને ઓથોરીટી આપેલ હોવા સંબંધે એપલ કંપનીમાં તપાસ કરેલ નહીં. કહેવાતા બનાવ સંબંધી જે માલ બાબતે ફરીયાદ થયેલ તે માલ પાવર બેંક તથા મોબાઇલ કવર તથા ઇયર ફોન વિગેરે હતા. આ સિવાય બીજો કોઇ યાદ નથી. તેમને હાલ નંગ યાદ નથી. આ વસ્તુઓ એપલ કંપની કે બીજી કોઇ કંપની બનાવે છે કેમ તેની તેમને માહીતી નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૬ થી ત.ક.અ.શ્રી ભાઇલાલભાઇ લાખાભાઇ રોહિતનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૧/૦૩/૨૦૧૭ ના રોજ કાગડાપીઠ પો.સ્ટે.ખાતે પી.એસ.આઇ. તરીકે હાજર હતા દરમ્યાન સી.આઇ.ડી.ક્રાઇમના પી.આઇ.શ્રી ડી.એમ.મિશ્રા તથા પો.સ્ટાફના અન્ય માણસો સાથે આ કામના ફરીયાદીશ્રીએ ફરીયાદમાં જણાવેલ ગુનાવાળી જગ્યાએ જઇ રેડ પાડતાં ફરીયાદમાં જણાવ્યા મુજબનું મુદ્દામાલ ગેરકાયદેસર

રીતે વેપાર કરતા મળી આવેલ હોઇ ત્યાં હાજર ઈસમોને પી.આઇ.શ્રી ધ્વારા પુછપરછ કરી તેઓની વિરૂધ્ધ ગુનો બનથો હોઇ, ફરીયાદીની ફરીયાદ પી.આઇ.શ્રી ડી.એમ.મિશ્રા રૂબરૂની નોંધી લઇ પી.એસ.ઓ. તરફ ગુનો દાખલ કરવા મોકલી આપેલ અને મુદ્દામાલ રીકવરી અંગેનું પંચનામું પણ પી.આઇ.શ્રી ડી.એમ.મિશ્રા રૂબરૂ કરવામાં આવેલું, ત્યારબાદ આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઇ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા અને આરોપીઓને અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલ, આરોપી નં.૧,૨,૪,૫ હાજર છે જેઓને તેઓ ઓળખે છે , આરોપી નં.૩ હાજર નથી , આરોપી તરફે ઓળખ અંગે તકરાર નથી.

બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે , કહેવાતા બનાવની તપાસ તેમને મળી ત્યારે પી.એસ.આઇ.કક્ષાના અધિકારી હતો, તેમને તેમની તપાસમાં ફરીયાદી ફરીયાદ કરવા માટે સમક્ષ કર્મચારી છે તે અંગેના દસ્તાવેજી પુરાવા મેળવેલ નથી. ફરીયાદી કથિત કંપનીના કર્મચારી હતા કે કેમ તે અંગેના કોઇ પુરાવા તેમને તેમની તપાસમાં મેળવેલા નહીં. એપલ કંપનીની એસેસરીઝ ટ્રેડમાર્ક કે કોપીરાઇટ એકટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે કે કેમ તે અંગેના દસ્તાવેજ કબજે કરેલા નહીં. એપલ કંપની તરફથી ફરીયાદ કરવા માટે પાવર ઓફ એટર્ની આપેલ હોઇ તે દસ્તાવેજ તેઓની તપાસમાં મેળવેલ નહીં. તેઓએ આ કામે તપાસ કરી ત્યારે કથિત બનાવની જગ્યા એક કરતા વધારે હતી. આ કામે તેમને કોઇ પંચનામું કરેલ નથી. તપાસ દરમ્યાન તેમને કથિત અલગ અલગ જગ્યાના પચનામા તેમને કરેલા નથી કે તેમની હાજરીમાં આવા પંચનામા થયેલા નથી. તેમને એપલના એસેસરીઝના ભાવ અંગેના પ્રાઇઝ લીસ્ટ આ કામે રજુ રાખેલ નથી. તેમને એપલ કંપનીને તેમને બનાવટી એસેસરીઝ અંગે જાણ કરતો કોઇ પત્રવ્યવહાર કરેલો નથી.

**પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ :–**

(૧૩) પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઇપણ

જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતી પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ " PROVED " અને " NOT PROVED " શબ્દો ઉપર અવલંબે છે . એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણકે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલ્તિ છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધ. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજુ કરી પ્રયાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૪) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આ કામે આંક–૫ થી તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીએ અલગ અલગ મોબાઇલ એસેસરીઝની દુકાનોમાં રેડ કરેલ , તમામ દુકાનોમાંથી એપલ કંપનીના ફોનની એસેસરીઝ ડુપ્લીકેટ જેમાં મોબાઇલના ચાર્જરના ડોક, કેબલ, ટફન ગ્લાસ, હેડ ફોન તથા મોબાઇલ કવર વિગેરે અલગ અલગ વસ્તુ તથા બીટસ કંપનીના હેડ ફોન ડુપ્લીકેટ મળી આવેલ તે અંગેની ફરીયાદ કરેલ. પરંતુ સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં એપલ કંપનીનો કોઇ પ્રમાણપત્ર,ભાવપત્રકો રજુ કરેલ નથી, ફરીયાદમાં તેમને જે ચીજવસ્તુઓના ભાવ બતાવેલ છે તેના કોઇ આધાર રજુ કરેલ નથી, તેમને જે દુકાનોમાં રેડ કરેલી તેના માલીકો હાજર હતા કે કેમ તેની તપાસ કરેલી નહીં, ટ્રેડમાર્ક અંગે તેમને કોઇપણ પ્રકારની ડીગ્રી મેળવેલ નથી, એપલ કંપનીના મોબાઇલો અસલ કોઇપણ દુકાનદાર વેચી શકે છે, એપલ કંપનીના એસેસરીઝ વેચવા કે લેવા કે રાખવા માટે કોઇ પરવાનો લેવાની આવશ્યક હોય, તેમને પોલીસ સમક્ષ એપલ કે બીટસ કંપનીના ફરીયાદમાં જણાવેલ એસેસરીઝની સરખામણી કરવા માટે કંપનીની અસલ એસેસરીઝ રજુ કરેલ નથી, રેડ પાડતા સમયે તેઓ ફોટો કે લેપટોપ લઇ ગયેલ નથી તેમની હાજરીમાં કોઇ પંચનામું થયેલ નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતા સદર મુદ્દામાલ બનાવટી હોય તેવી હકીકત

પુરવાર થતી નથી. આંક–૧૧, ૧૨ , ૧૩ થી તપાસેલ સાહેદો ફરીયાદી સાથે રેડમાં ગયેલાની હકીકત જણાવે છે પરંતુ દુકાનોની માલીકોના કોઇ આધાર તેમની રૂબરૂ કબજે લેવાયેલ નથી, કંપનીએ ફરીયાદી દર્શકભાઇને કોઇ ઓથોરીટી આપેલ કે કેમ તે તેમને ખબર નથી, એપલ કંપની એસેસરીઝ બનાવે છે કે કેમ તેની તેમને ખબર નથી. આંક–૧૬ થી તપાસેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓ સદર કેસની તપાસ કરનાર સાહેદ છે અને તેઓએ તેમની તપાસને અનુરુપ જુબાની આપેલ છે. પરંતુ સદર સાહેદે ઉલટતપાસમાં તેઓએ તેમની તપાસમાં ફરીયાદી ફરીયાદ કરવા માટે સક્ષમ કર્મચારી છે તે અંગેના દસ્તાવેજી પુરાવા મેળવેલ નથી, ફરીયાદી કથિત કંપનીના કર્મચારી હતા કે કેમ તે અંગેના કોઇ પુરાવા તેમની તપાસમાં મેળવેલા નથી, એપલ કંપનીની એસેસરીઝ ટ્રેડમાર્ક કે કોપીરાઇટ એકટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે કે કેમ તે અંગેના દસ્તાવેજ કબજે કરેલા નથી, એપલ કંપની તરફથી ફરીયાદ કરવા માટે પાવર ઓફ એટર્ની આપેલ હોઇ તે દસ્તાવેજ મેળવેલ નથી, તેમને આ કામે તપાસ કરી ત્યારે કથિત બનાવની જગ્યા એક કરતા વધારે હતી, તપાસ દરમ્યાન અલગ અલગ જગ્યાના પંચનામા તેમને કરેલા નથી કે તેમની હાજરીમાં આવા પંચનામા થયેલા નથી , તેમને એપલના એસેસરીઝના ભાવ અંગેના પ્રાઇઝ લીસ્ટ આ કામે રજુ રાખેલ નથી, એપલ કંપનીને તેમને બનાવટી એસેસરીઝ અંગે જાણ કરતો કોઇ પત્રવ્યવહાર કરેલો નથી તેવી હકીકત જણાવેલ છે. આ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય બીજા કોઇ સાહેદોને તપાસવામાં આવેલા નથી. તેમજ ટ્રેડમાર્ક એકટની કલમ–૧૧૫(૪) અનુસાર ડી.વાય.એસ.પી. થી નીચેના દરજ્જાના પોલીસ અધિકારી મુદ્દામાલ જપ્ત કરી શકે નહીં . સદર કેસમાં પી.આઇ.શ્રી ધ્વારા મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. આમ જપ્તીની કાર્યવાહી પણ યોગ્ય રીતે થયેલ ન હોવાનું જણાય છે. તેમજ ફરીયાદપક્ષે પંચને તપાસીને પંચનામું પુરવાર કરેલ નથી . તેમજ ફરીયાદપક્ષે બનાવવાળી જગ્યાઓ જાહેર જગ્યા હોવા છતાં સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રીની અલગ અલગ કંપનીના કોપીરાઇટ તથા ટ્રેડમાર્કના હકકોના ભંગ કરતા એપલ કંપની તથા બીટસ કંપનીના ડુપ્લીકેટ બનાવેલ

એસેસરીઝનો ગેરકાયદેસર રીતે વેપાર કરતા મળી આવી પકડાઇ જઇ ધી ઇ.પી.કો.કલમ-૪૨૦ ધી કોપી રાઇટ એકટ સને ૧૯૫૭ ની કલમ- ૬૩, ૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ-૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઇએ. **ઓથોરીટી ૨૦૦૭(૨) જી.એલ.એચ.૨૧૬ ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ **ધી ઇ.પી.કો.કલમ-૪૨૦ ધી કોપી રાઇટ એકટ સને ૧૯૫૭ ની કલમ- ૬૩, ૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ-૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫** મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય,મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

આ કામના **આરોપીઓ :-*(૧) કમલસિંહ રમેશસિંહ રાજપુત*** *રહે. ૧૦૧ છીપા પોળ , રિલીફ રોડ, કાલુપુર, અમદાવાદ* ***(૨) સુરેશભાઇ દજારામ પુરોહિત*** *રહે. ૬ સાર્થક બંગ્લોઝ શાંતીનાથ પાર્ટી પ્લોટ પાસે, નવા નરોડા, નિકોલ, અમદાવાદ* ***(૩) ભભુતારામ કુચારમજી ઘાંચી*** *રહે. ૧૭૯૦, ખારા કુવાની પોળ, ઢાળની પોળ, ખાડીયા, અમદાવાદ* ***(૪) દિનેશ નવાજી મોદી*** *રહે. કે/૩૦૧ શ્રીનંદ નગર, વેજલપુર, અમદાવાદ* ***(૫)નિલેશભાઇ ચન્નારામ દેવાસી*** *રહે.૩૦૧ કોઢારી પોળ, ખાડીયા ચાર રસ્તા, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૪૮(૧) અન્વયે* ***ધી ઇ.પી.કો.કલમ-૪૨૦ ધી કોપી રાઇટ એકટ સને ૧૯૫૭ ની કલમ- ૬૩,***

*૬૪,૬૫ તથા ટ્રેડમાર્ક એકટ કલમ-૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું .*

*આરોપીઓના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.*

*આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારુ રૂા.૨૫૦૦૦/- ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજુ કરેલ છે, જે આ હુકમ તારીખથી છ માસ સુધી અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.*

*મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.*

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૭/૨૦૨૬
અમદાવાદ.

( રઘુવીરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા )
ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૫) અમદાવાદ શહેર.
કોડ નં.જી.જે.૦૦૯૩૮